# ચિંતાજનક વધારો : શહેરમાં કોરોનાના નવા ૧૦ અને ગ્રામ્યમાં ૬ કેસ નોંધાયા

**શહેરમાં સે. ૨૬, ૧, ૬, ૧૩, ૨૦ તેમજ પેથાપુર, સરગાસણ, રાંદેસણ, કુડાસણમાંથી કેસ મળ્યા : ગાંધીનગર ગ્રામ્યમાં ૨, કલોલમાં ૨ તેમજ માણસા-દહેગામમાંથી એક-એક કેસ મળ્યા : હાલ શહેર-જિલ્લામાં ૫૮ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા ૧૦ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૬ કેસ નોંધાતા તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે અને દોડધામ કરી મુકી છે.

શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યુ છે. જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. લોકલ ટ્રાન્સમિશનથી વધુ કેસો સામે આવી રહ્યા છે.

શહેરમાં એક મહિનામાં જ બીજીવાર એક સાથે ૧૦ કેસ સામે આવ્યા છે. તો ગ્રામ્ય વિસ્તારમાં પણ એક સાથે ૬ કેસ સામે આવતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

શહેર-જિલ્લામાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી છે તેમજ વિદ્યાર્થીઓ સંક્રમિત થયેલા મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ કોરોના ગાઈડલાઈન્સના અસરકારક પાલન માટે સૂચનાઓ આપી છે. મોટી ઉંમરના લોકોને પણ અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન નીકળવા અપીલ કરાઈ છે. છેલ્લા થોડાક દિવસથી ૬૦ થી વધુ વયના દર્દીઓ પણ સામે આવી રહ્યા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં જે ગતિએ કેસો વધવાના શરૂ થયા છે તેમાંય અગાઉની બીજી અને ત્રીજી લ્હેરના સંવેદનશીલ વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે જેને લઈ તંત્રએ સર્વેલન્સની સઘનતા વધારવા પર ભાર મુક્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૧૦ કેસ નોંધાયા છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પાંચ અને સેક્ટરોમાં પાંચ કેસ નોંધાયા છે. શહેરમાં નોંધાયેલા કેસોમાં ત્રણ મહિલા દર્દીનો એક વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. ત્રણ દર્દી ૬૦ થી વધુ વયના છે. એક ૬૬ વર્ષીય પુરૂષને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૨૬માં એક ૨૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા જમ્મુ કાશ્મીર ગઈ હતી અને ૧૭મીએ જ પરત ફરેલ છે. આ મહિલાએ સતત વોમીટીંગની ફરિયાદ તેમના ખાનગી ફિજીશ્યનને કરી હતી અને તેમણે કોરોના ટેસ્ટ સૂચવતા ટેસ્ટ કરાવતાં તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧ માં ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતો હોવાનું જાણવા મળેલ છે.

પેથાપુરમાંથી એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે દર પંદર દિવસે ડાયાલીસીસ કરાવવા આ દર્દી ખાનગી હોસ્પિટલમાં જતો હોવાનું જાણવા મળેલ છે.

સરગાસણમાંથી ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. સે. ૬માંથી એક ૧૭ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. કુડાસણાંથી એક ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રાંદેસણમાંથી ૩૯ વર્ષીય પુરૂષ અને ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો સે. ૨૦માંથી ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓ કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતા હોવાનું જાણવા મળેલ છે.

સે. ૧૩માંથી એક ૬૬ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધ હરીદ્વાર ગયા હતા અને ૧૭મીએ પરત ફર્યા છે તેમને સઘન સારવારની જરૂરિયાત જણાતાં ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલા કેસો સાથે શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૪૦ પર પહોંચી છે. આજે નોંધાયેલા દસ કેસમાંથી નવ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૬ કેસ કોરોનાના નોંધાયા છે. જેમાં ગાંધીનગરમાં બે, કલોલમાં બે તેમજ દહેગામ-માણસામાં એક-એક કેસ નોંધાયેલ છે. કલોલમાં જાસપુર ગામે બે વિદ્યાર્થીઓ સંક્રમિત થયેલા મળ્યા છે. આ વિદ્યાર્થીઓ મુંબઈ જઈ પરત ફર્યા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગરમાં અડાલજમાંથી બે કેસ મળી આવ્યા છે. જેમાં એક નિવૃત્ત કર્મયોગી અને એક કર્મયોગીનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી સપ્ટેમ્બરના અંતમાં યોજાશે

**આ ઉપરાંત ૬૪ ગ્રામ પંચાયતોની ૭૭ ખાલી બેઠકોની પેટાચૂંટણી : તંત્ર દ્વારા પંચાયતોની આ ચૂંટણી માટેની પ્રાથમિક કવાયત હાથ ધરવામાં આવી : ૨૪મી જૂને મતદારયાદી પ્રસિદ્ધ કરાશે**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ૯૪ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી અને ૬૪ ગ્રામ પંચાયતોની ૭૭ જેટલી વોર્ડ બેઠકોની ચૂંટણી માટે તંત્રએ કવાયત હાથ ધરી છે.

૩૦-૯ ના રોજ પુરી થતી મુદત ધરાવતી બધી પંચાયતોની ચૂંટણીની તૈયારીઓ કરવાના સ્પષ્ટ સંકેત રાજ્ય ચૂંટણી પંચે આપી દીધા છે. આ માટેની પ્રાથમિક મતદારયાદી પણ આગામી ૨૪મી જૂનના રોજ પ્રસિદ્ધ કરવામાં આવનાર છે.

રાજ્ય ચૂંટણી પંચે પંચાયતોની આ ચૂંટણી સપ્ટેમ્બર માસમાં અર્થાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી પહેલા યોજવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત આપી દીધા છે. આ માટે તંત્ર સાથે વિડીયો કોન્ફરન્સ પણ યોજવામાં આવી હતી તેમ જાણવા મળેલ છે.

જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી પહેલાં પંચાયતોની ચૂંટણીને લઈ ગ્રામીણ વિસ્તારમાં માહોલ ગરમાયેલો જોવા મળી રહ્યો છે અને ચૂંટણી લડવા ઈચ્છુકોએ ખાનગી બેઠકોનો દોર પણ આરંભી દીધો છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં જે ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવાની થાય છે તેમાં ગાંધીનગરની ૨, માણસાની ૪૨, દહેગામની ૭ તેમજ કલોલની ૪૩ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે.

જ્યારે ૬૪ ગ્રામ પંચાયતોની ૭૭ જેટલી બેઠકો જે ખાલી છે તેની પેટા ચૂંટણી પણ આ પંચાયતોની સામાન્ય ચૂંટણી સાથે યોજવામાં આવનાર છે.

જેમાં ગાંધીનગર તાલુકાની ૨૫ ગ્રામ પંચાયતોમાં ૨૯ વોર્ડની, માણસાની ૪ ગ્રામ પંચાયતીની ૫, દહેગામની ૨૯ ગ્રામ પંચાયતની ૩૫ અને કલોલની ૬ ગ્રામ પંચાયતની ૮ બેઠકોની પેટા-ચૂંટણી યોજાશે.

જિલ્લામાં પંચાયતોની ચૂંટણીના પડઘમ શરૂ થઈ ગયા છે. આ માટેની પ્રાથમિક તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ૨૪મી જૂને મતદાર-યાદીની પ્રાથમિક યાદી પ્રસિદ્ધ થયા પછી વાતાવરણ ધીમી ગતિએ જામતુ દેખાશે તેમ ચૂંટણી રસિયાઓનું કહેવું છે. હાલ તો મોટાભાગની પંચાયોતમાં વહીવટદાર છે. મતદારયાદીની પ્રસિદ્ધિ ૨૪મીએ સવારે ૧૧ વાગ્યા સુધીમાં કરી દેવામાં આવશે આ પછી તે અંગેના વાંધા-સૂચનો મેળવી આખરી પ્રસિદ્ધિ કરવામાં આવશે.

ઓગષ્ટના અંતમાં આ ચૂંટણીઓ અંગેનો વિગતવાર કાર્યક્રમ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર થશે તેમ મનાઈ રહ્યું છે.




## બેસણું



અમારા માતુશ્રી

**સરલાબેન ભાલચંદ્રભાઈ જોષી**

તા. ૧૮/૬/૨૦૨૨ના રોજ સ્વર્ગવાસી થયા છે.

**સદ્‌ગતનું બેસણું**

**તા. ૨૩/૬/૨૦૨૨ને ગુરૂવારે સાંજે ૪-૦૦ થી ૬-૦૦** દરમિયાન રાખેલ છે.

**: સ્થળ :**

**શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર**

| | |
|---|---|
| ભક્તિ એન. જોષી (પુત્રવધુ) | નિમિષ બી. જોષી (પુત્ર) (૯૮૨૪૫ ૩૦૫૪૨) |
| નૈસર્ગી એન. જોષી (પૌત્રી) | પ્રિતી સંતોષ કરકરે (પુત્રી) |
| | નિલમ સંદીપ ચાવરે (પુત્રી) |

# ગુડા દ્વારા વધુ ૨૮૦૦ મકાનો ગરીબ વર્ગ માટે નિર્માણ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના શહેરી વિસ્તારમાં ગરીબો માટેના વધુ ૨૮૦૦ મકાનોના નિર્માણનો લક્ષ્ય રાજ્ય સરકારે ફાળવતાં ગુડાનું તંત્ર દોડતુ થયુ છે. ગાંધીનગર શહેરમાં ગરીબોના આવાસની લક્ષ્યાંક સિદ્ધિમાં બહુ જ પાછળ હતુ. સરકારે આ વાતને મહત્વની ગણી અને વધુ ૨૮૦૦ મકાનના નિર્માણ માટેનો લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો છે. માત્ર ૨૦ મહિનામાં જ આ લક્ષ્યાંક પ્રાપ્તી કરવાની સરકારે કડક સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે. ગુડાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વાસણા હડમતિયામાં ૧૩૫૨, સરગાસણમાં ૬૨૫ અને વાવોલમાં ૩૭૦ જેટલા આવાસો નિર્માણ કરવા માટે જણાવવામાં આવ્યુ છે. એક રૂમ કીચન અને હોલ ધરાવતા આ મકાનો રૂ. બે કરોડના ખર્ચે તૈયાર કરવાની કવાયત હાલ હાથ ધરવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે આ આવાસોના નિર્માણ માટેની ટેન્ડર પ્રક્રિયા ઓગષ્ટ-૨૨ પહેલા પૂર્ણ કરી દેવામાં આવશે અને આ પછી ૨૦ મહિનામાં જ આ નિર્માણ કાર્ય પૂર્ણ કરવાના લક્ષ્યાંક સાથે ગુડાનું તંત્ર કામ કરી રહેલ છે. આ માટેનો તમામ રોડમેપ તૈયાર કરી દેવાયો છે તેમજ તેના નિર્માણ માટેના પ્લોટ પણ આખરી કરી દેવાની કામગીરી હાલ ચાલી રહી છે.


**તાત્કાલિક જોઈએ છે**

**કુડાસણ વિસ્તારમાં આર્કિટેકની ઓફીસ માટે ડ્રાફ્ટસમેન અને ઈન્ટીરિયર ડિઝાઈનરની તાત્કાલિક જરૂરિયાત છે.**

**Mo. : 7383258779**

**કચ્છની કેસર કેરી અને ખારેક**

**ખેડૂત દ્વારા સીધું વેચાણ**

**કચ્છની સુપ્રસિદ્ધ કેસર કેરી અને ખારેક મળશે**

**ઉમિયા માતાના મંદિરની સામે, સેક્ટર-૧૨**

**Mo. 99788 13498**





Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com